CJP આંદોલનમાં ભાગ લેનારાઓ સામે દિલ્હી પોલીસ કોઈ કાર્યવાહી નહીં કરે

દિલ્હી-એનસીટી સરકારના ગૃહ વિભાગ દ્વારા ખાસ આદેશ જારી કરવામાં આવ્યો

જેમની ધરપકડ કરાઇ છે તેમની ધરપકડની સમીક્ષા કરીને છોડી મૂકાશે

જો કે ગુનાહિત ભૂતકાળ ધરાવતા લોકોને આ રાહત નહીં મળે

નવી દિલ્હી, તા. ૩૦(PTI): દિલ્હી સરકારના એક આદેશ અનુસાર, દિલ્હી પોલીસ રાષ્ટ્રીય રાજધાનીમાં 'કોકરોચ જનતા પાર્ટી'ની આગેવાની હેઠળના વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનારા વ્યક્તિઓ સામે કોઈ કાનૂની કે પ્રતિકૂળ કાર્યવાહી નહીં કરે, પરંતુ ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા લોકોએ કાર્યવાહીનો સામનો કરવો પડશે.

ગૃહ વિભાગે તેના આદેશમાં જણાવ્યું છે કે જો ધરપકડ કે અટકાયત પહેલાથી જ કરી લેવામાં આવી હોય, તો ધરપકડની સમીક્ષા કરવાની અને અટકાયત કરાયેલા લોકોને મુક્ત કરવાની પ્રક્રિયા ઝડપથી હાથ ધરવામાં આવશે.

૨૦ જુલાઈના રોજ 'કોકરોચ જનતા પાર્ટી'(CJP) દ્વારા યોજાયેલી 'ચલો સંસદ' માર્ચ દરમિયાન થયેલી હિંસા અંગે દિલ્હી પોલીસે ૧૩ FIR નોંધી છે. પોલીસે વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનારા ૨,૮૦૦થી વધુ ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા લોકોની ઓળખ પણ કરી છે.

ગૃહ વિભાગે તેના આદેશમાં કહ્યું છે કે, દિલ્હી રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર(NCT)ની સરકાર આ વિરોધ પ્રદર્શનમાં સામેલ વ્યક્તિઓ સામે આગળ કોઈ પ્રતિકૂળ કાર્યવાહી કરવાનો પ્રસ્તાવ નથી રાખતી, અને આ મામલે ભવિષ્યની કોઈ કાર્યવાહી કર્યા વિના તેને બંધ ગણવામાં આવશે. આદેશમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે દિલ્હી NCTની અંદર કોઈ પણ પોલીસ સત્તામંડળ દ્વારા આ વિરોધ પ્રદર્શનમાં સામેલ લોકો સામે કોઈ પ્રતિકૂળ કાનૂની કાર્યવાહી કરવામાં આવશે નહીં. જો કે, આદેશમાં એ પણ જણાવાયું છે કે સુપ્રીમ કોર્ટના તાજેતરના આદેશમાં જણાવ્યા મુજબ, ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતી વ્યક્તિઓને આ સુરક્ષા અથવા રાહત મળશે નહીં. ૨૦ જુલાઈની હિંસા નવી દિલ્હી જિલ્લામાં જંતર મંતરથી સંસદ સુધીની માર્ચ દરમિયાન થઈ હતી.

જંતર મંતર પર પીએમ મોદીને ગાળો આપનાર રુચિકા સિંહ સામે એફઆઈઆર

નોઈડાઃ તા. 30ઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી સામે દિલ્હીના જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન દરમિયાન આપત્તિજનક અને અભદ્ર ટિપ્પણી કરનાર યુવતી પર કાનૂની શિકંજો કસાયો છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં દેખાઈ રહેલી આરોપી યુવતી રૂચિકા સિંહ સામે ગૌતમ બુદ્ધ નગર કમિશનરેટના એક્સપ્રેસવે પોલીસ સ્ટેશનમાં ઝીરો એફઆઈઆર દાખલ કરવામાં આવી છે.

આ મામલે ફરિયાદ ગાઝિયાબાદના ઇંદિરાપુરમ (વસુંધરા)ની નિવાસી સ્મૃતિ સિંહે કરી છે. સ્મૃતિ સિંહે પોતાની લેખિત ફરિયાદમાં પોલીસને જણાવ્યું હતું કે, 23 જુલાઈ 2026 (ગુરુવાર)ના રોજ નવી દિલ્હીના જંતર-મંતર પર એક પ્રદર્શન યોજાયું હતું. આ પ્રદર્શન દરમિયાન આરોપી યુવતી રૂચિકા સિંહે જાહેર સભામાં ભારતના માનનીય વડા પ્રધાન વિરુદ્ધ અત્યંત અભદ્ર અને આપત્તિજનક ભાષાનો ઉપયોગ કર્યો હતો.

ફરિયાદમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે, યુવતીના આ કૃત્યથી માત્ર વડા પ્રધાનના સર્વોચ્ચ બંધારણીય પદની ગરિમાને ભારે ઠેસ પહોંચી નથી, પરંતુ આ નિવેદન જાણેજોઈને સમાજમાં વૈમનસ્ય ફેલાવવા અને લોક શાંતિ ભંગ કરવાના દૂષિત હેતુથી આપવામાં આવ્યું હતું.

પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે મોદીની ઉચ્ચસ્તરીય બેઠક

સપ્લાય ચેઇન જાળવવા CCSને આપ્યા નિર્દેશો

સમિતિના સભ્ય મંત્રીઓ ઉપરાંત ખાતર મંત્રી, વહાણવટા મંત્રી અને પેટ્રોલિયમ મંત્રીઓને ખાસ આમંત્રિતો તરીકે હાજર રખાયા

હોર્મુઝ, રેડ સી અને કાળા સમુદ્રના સંઘર્ષો વચ્ચે 4થી સ્પેશિયલ બેઠક યોજાઈ; ખાતરનો અવિરત પુરવઠો અને નાવિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા આદેશ

નવી દિલ્હી, તા. ૩૦(PTI): વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે વરિષ્ઠ મંત્રીઓના એક જૂથ સાથે પશ્ચિમ એશિયાની વર્તમાન ભૂ-રાજકીય પરિસ્થિતિ અને હોર્મુઝ સામુદ્રધુની , કાળો સમુદ્ર , રાતા સમુદ્ર તથા એડનના અખાખની આસપાસના સંઘર્ષો છતાં સપ્લાય ચેઇન અવિરત જાળવી રાખવાના ઉપાયો પર ચર્ચા કરી હતી.

સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનના અધ્યક્ષસ્થાને યોજાયેલી સુરક્ષા અંગેની કેબિનેટ કમિટી (CCS)ની વિસ્તૃત બેઠકમાં કાયમી સભ્યો–સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, ગૃહમંત્રી અમિત શાહ, વિદેશ મંત્રી એસ. જયશંકર અને નાણામંત્રી નિર્મળા સીતારામન તેમજ ખાસ આમંત્રિતો તરીકે રસાયણ અને ખાતર મંત્રી જે.પી. નડ્ડા, વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ, શિપિંગ મંત્રી સરબાનાંદ સોનોવાલ અને પેટ્રોલિયમ મંત્રી હરદીપ પુરી હાજર રહ્યા હતા.

એમ જણાય છે કે ચાલુ વૈશ્વિક સંઘર્ષો, તેમની સુરક્ષા અસરો અને ભારતના આયાત તથા સપ્લાય ચેઇનમાં થતા વિક્ષેપો અંગે વ્યાપક ચર્ચા કરવામાં આવી હતી, કારણ કે ભારતની મોટાભાગની આયાત આ જ સંઘર્ષગ્રસ્ત વિસ્તારોમાંથી પસાર થાય છે.

વડાપ્રધાન કાર્યાલય(PMO) દ્વારા બહાર પાડવામાં આવેલા એક નિવેદનમાં જણાવાયું છે કે, "વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષના સંદર્ભમાં પરિસ્થિતિ અને વિવિધ મંત્રાલયો તથા વિભાગો દ્વારા લેવાયેલા પગલાંની સમીક્ષા કરવા માટે સુરક્ષા અંગેની કેબિનેટ કમિટી (CCS)ની બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ મુદ્દા પર આ ૪થી સ્પેશિયલ CCS બેઠક હતી.

ચીને ભારતની સરહદ નજીક તિબેટમાં હાઈ-એલ્ટિટ્યુડ ડ્રોન સંશોધન કેન્દ્ર સ્થાપ્યું

માઉન્ટ એવરેસ્ટ નજીક 'પ્લેટો ડ્રોન R&D એપ્લિકેશન સેન્ટર'ની સ્થાપના કરવામાં આવી

બીજિંગ, તા. ૩૦(PTI): સીમા સુરક્ષા, પેટ્રોલિંગ, લોજિસ્ટિક્સ અને પરિવહન કામગીરીને મજબૂત કરવા માટે ચીને તિબ્બતમાં માઉન્ટ એવરેસ્ટ નજીક એક ડ્રોન સંશોધન અને વિકાસ (R|D) કેન્દ્રની સ્થાપના કરી છે, જેથી ઊંચાઈવાળા વિસ્તારોમાં માનવરહિત હવાઈ વાહનો (UAVs) તૈનાત કરી શકાય.

અવારનવાર 'વિશ્વની છત' તરીકે ઓળખાતું તિબ્બત, ૪,૦૦૦ મીટરથી વધુ ઊંચાઈ પર આવેલું છે. આ ઠંડા અને વધુ ઊંચાઈ ધરાવતા ઉચ્ચ પ્રદેશમાં ઓક્સિજનનું પ્રમાણ ખૂબ ઓછું છે.

ચીની એન્જિનિયરોના જણાવ્યા અનુસાર, વિષમ ભૂપૃષ્ઠ અને ઝડપથી બદલાતા હવામાનને કારણે ડ્રોન ટેક્નોલોજી વિકસાવવા માટે આ એક આદર્શ સ્થળ માનવામાં આવે છે. રાજધાની લ્હાસાથી સરકારી ન્યૂઝ એજન્સી 'સિન્હુઆ'ના અહેવાલ મુજબ, ૩ જુલાઈના રોજ શિઝાનગ(તિબ્બત) યુનિવર્સિટી ખાતે 'પ્લેટો ડ્રોન R|D એપ્લિકેશન સેન્ટર'ની શરૂઆત કરવામાં આવી હતી. આ સાથે ઊંચા પહાડી વિસ્તારોમાં માનવરહિત હવાઈ વાહનો (UAVs) ના સંશોધન, વિકાસ અને વ્યવહારુ ઉપયોગ માટે સમર્પિત ચીનના પ્રથમ વ્યાવસાયિક મંચનો સત્તાવાર પ્રારંભ થયો છે. આ હાઈ-એલ્ટિટ્યૂડ કેન્દ્રથી ચીનને અમેરિકા સાથેની ટેક્નોલોજિકલ પ્રભુત્વની સતત ચાલી રહેલી સ્પર્ધામાં ફાયદો મળવાની અપેક્ષા છે.

ઈરાન-અમેરિકાના ફરીથી સામસામા મિસાઈલ હુમલા

થોડા દિવસની રાહત બાદ બંને દેશોએ ફરીથી એકબીજા પર હુમલા શરૂ કરી દીધા

અમેરિકાએ જોર્ડનમાંના તેના બેઝ પર થયેલા હુમલાના જવાબમાં ઇરાન પર હુમલા કર્યા

ઇરાને ગલ્ફમાંના અમેરિકાના સાથી દેશો પર હુમલા કર્યા, કુવૈતમાં આવેલી એક ચીની કંપનીની ઇમારત પર ઇરાનનો હુમલો

આ યુદ્ધમાં પહેલી વખત ઇજિપ્તના બંદર પર હુમલો

ઇરાન-અમેરિકા યુદ્ધમાં પહેલીવાર ઇજિપ્તના પોર્ટ પર હુમલો થયો છે. બુધવારે ઇજિપ્તના દમિયેટા પોર્ટ પર બે ગેસ ટેન્કરમાં આગ લાગી હતી. ન્યૂયોર્ક ટાઇમ્સે ગુરુવારે ઇજિપ્ત સરકારના હવાલાથી જણાવ્યું કે આગ અકસ્માત નહીં, પરંતુ ડ્રોન હુમલાનું પરિણામ હતી. અહેવાલો અનુસાર, ડ્રોને અમેરિકી કંપનીના નેચરલ ગેસ સ્ટોરેજ ટેન્કર 'એનર્જીસ વિન્ટર'ને નિશાન બનાવ્યું હતું. હુમલા બાદ નજીકમાં ઊભેલું બીજું ટેન્કર 'ગેસલોગ સલેમ' પણ આગની લપેટમાં આવી ગયું હતું. ન્યૂયોર્ક ટાઇમ્સે બે ઇરાની સૂત્રોના હવાલાથી દાવો કર્યો છે કે હુમલાનો હેતુ એ સંદેશ આપવાનો હતો કે જો યુદ્ધ વધુ વકરશે તો વિશ્વભરનું શિપિંગ અને એનર્જી સપ્લાય ગંભીર રીતે પ્રભાવિત થઈ શકે છે.

દુબઇ, કેરો, તા. ૩૦: અમેરિકા અને ઈરાન બંનેએ ગુરુવારે સામસામે મિસાઈલોનો મારો ચલાવ્યો હતો. આ સાથે જ હુમલા અને વળતા પ્રહારોનો સિલસિલો ફરી શરૂ થઈ ગયો છે અને વિવાદનો ઝડપી ઉકેલ આવવાની આશા ધૂંધળી થઈ છે. થોડા સમયની શાંતિ પછી, પૂર્ણ કક્ષાના યુદ્ધમાં ફરી હોમાઈ જવાનું જોખમ ઉભું થયું છે, જેમાં આ લડાઈ વધુ દેશોને લપેટમાં લેવાની ચિંતા ઊભી થઈ છે: જોર્ડને ગુરુવારે જણાવ્યું હતું કે તેણે સતત બીજા દિવસે ઈરાની મિસાઈલોને હવામાં જ તોડી પાડી હતી, જ્યારે કુવૈતે જણાવ્યું કે દેશના ઉત્તરીય ભાગમાં થયેલા હુમલામાં એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું.

પેજ 3

'રામાયણ'નું 4 મિનિટનું ગ્રાન્ડ ટ્રેલર આઉટ: રાવણ તરીકે યશની દમદાર એન્ટ્રી, રામના રોલમાં રણબીર કપૂર

નવી દિલ્હી, તા. 30 (PTI) ભારતની અત્યાર સુધીની સૌથી મોંઘી ફિલ્મોમાંની એક ગણાતી 'રામાયણ'નું ટ્રેલર ગુરુવારે રિલીઝ થયું હતું, જેમાં કટિંગ-એજ સ્પેશિયલ ઈફેક્ટ્સ અને અસત્ય પર સત્યના વિજયની અતિ પ્રાચીન વાર્તાના અદ્ભુત મિશ્રણ સાથે થિયેટ્રિકલ રોમાંચનું વચન આપવામાં આવ્યું છે. ચાર મિનિટનું આ ટ્રેલર દક્ષિણના સુપરસ્ટાર યશ દ્વારા ભજવાયેલા રાવણના પાત્રથી શરૂ થાય છે અને ત્યાર બાદ રણબીર કપૂરના રામ તરફ આગળ વધે છે, જે તેની કેરિયરની અત્યાર સુધીની સૌથી મોટી ભૂમિકા છે. કહેવાતા રૂ. 4,000 કરોડના બજેટમાં બનેલી આ બે ભાગની ફિલ્મનું નિર્દેશન 'દંગલ' ફેમ નિતેશ તિવારી દ્વારા કરવામાં આવ્યું છે અને તેનું પ્રોડક્શન નમિત મલ્હોત્રાના પ્રાઇમ ફોકસ સ્ટુડિયો તેમ જ આઠ વખત એકેડેમી એવોર્ડ જીતનાર વીએફએક્સ સ્ટુડિયો ડીએનઈજી દ્વારા, એક્ટર યશના મોન્સ્ટર માઇન્ડ ક્રિએશન્સના સહયોગથી કરવામાં આવ્યું છે. ટ્રેલરની શરૂઆત યશના રાવણથી થાય છે, જે પૃથ્વી પરના સૌથી શક્તિશાળી રાજાઓમાંના એક બનવા માટે લડાઈ લડે છે અને ત્યાર બાદ અયોધ્યાના રાજા દશરથનું દૃશ્ય આવે છે. રણબીરના રામની એન્ટ્રી એવા ધનુર્ધર તરીકે થાય છે જેની આંખો પર પાટો બાંધેલો છે અને તે નિશાન સાધવાની પ્રેક્ટિસ કરી રહ્યો છે. તેમને આગામી રાજા તરીકે જાહેર કરવામાં આવે છે.

સુદેશ બેરીનું ચર્ચિત નિવેદન: "મોદી વિષ્ણુનો અવતાર છે, તક મળે તો પગ ધોઈને પાણી પીશ"

મુંબઈ, તા. 30: બોલિવૂડ એક્ટર સુદેશ બેરીએ મોટા પડદાથી લઈને નાના પડદા સુધી પોતાની એક આગવી ઓળખ બનાવી છે. અભિનેતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીને લઈને ચર્ચામાં રહે છે. તાજેતરમાં સુદેશે પીએમ મોદીનાં ખૂબ વખાણ કર્યાં હતાં. સુદેશે પીએમ મોદીને ભગવાન વિષ્ણુના અવતાર તરીકે વર્ણવ્યા હતા અને કહ્યું હતું કે, જો તેમને તક મળે તો તેઓ તેમના પગ ધોઈને તેનું પાણી પીશે. અભિનેતાએ કહ્યું હતું કે, ''નરેન્દ્ર મોદીએ શું ખોટું કર્યું છે? તેમને ચા વેચવા દો. તેમણે ચા વેચતા દુનિયાભરની યાત્રા કરી છે.''

લંડનમાં મિસ્ટ્રી ગર્લ સાથે જોવા મળ્યો આર્યન ખાન

લંડન, તા. 30 બોલિવૂડ એક્ટર શાહરૂખ ખાનનો પુત્ર આર્યન ખાન ફરી એકવાર પોતાની પર્સનલ લાઇફને લઈને ચર્ચામાં આવી ગયો છે. લંડનમાં આર્યન એક મિસ્ટ્રી ગર્લ સાથે જોવા મળ્યો છે, જેમની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યા છે. યુઝર્સે આ મિસ્ટ્રી ગર્લની ઓળખ આર્ટિસ્ટ વિની તકાચર તરીકે કરી છે. બંનેને લંડનના એક કસિનોમાંથી બહાર નીકળતા જોવામાં આવ્યા હતા, જે બાદ બંનેના ડેટિંગની ચર્ચા શરૂ થઈ ગઈ છે. જોકે, આ બાબતે બંને તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. તસવીરોમાં આર્યન ખાન કેઝ્યુઅલ લુકમાં નજરે પડી રહ્યો છે. તેની બિલકુલ પાસે વિની તકાચર ઊભી છે, જેણે ઓલ-બ્લેક આઉટફિટ પહેરેલું છે.

'કોકરોચ જનતા પાર્ટી' આંદોલન પર ફિલ્મ બનશે, જેનું બજેટ રૂ. 20 કરોડ

મુંબઈ, તા. 30: દિલ્હીના જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન બાદ પ્રસિદ્ધિ મેળવનાર 'કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)'ની વાર્તા હવે મોટા પડદા પર જોવા મળશે. આ આંદોલન પર આધારિત એખ ફીચર ફિલ્મ બનાવવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ફિલ્મનું શીર્ષક 'ધ એક્સિડેન્ટલ કોકરોચ પાર્ટી' ફાઇનલ કરી દેવામાં આવ્યું છે અને સત્તાવાર રીતે નોંધણી કરવામાં આવી છે.

FAMILY COURT, SURAT
ADVERTISEMENT NO. 01/2026
TO PREPARE A PANEL OF COUNSELLOR
IN THE FAMILY COURTS AT SURAT DISTRICT :- SURAT

Applications in prescribed formet are invited from the eligible persons for empanelment as Counsellors in the Family Courts, Surat under the Gujarat Family Court (Amendment) Rules, 2023.

The General terms and conditions for appointment:

1. Qualification:
Applicant must possess following qualification :-
(As on the last date of Application)
(i) Degree of a recognized University preferably with Social Science or psychology as one of the subjects;
(ii) Minimum experience of 02 (Two) Years in Social Work, Child Psychiatry or Family Counselling and
(iii) Having impeccable integrity.
Important notes:
(a) In case of other things being equal, then preference shall be given, in the matter of appointment -
to a women Candidate having the requisite qualification;
to a Candidate who has been a Judge or has experience of Counselling in family matters.
(b) The High Court may, in exceptional citcumstances, relax the minimum academic qualifications.
2. Age- limit :
As on the last date fixed for submission of Application a candidate must have attained the age of 35 years and must not have crossed the age of 65 years.
3. Honorarium or Fee :
The candidate appointed as Counsellor, Family Courts, Surat shall be paid Honorarium /Fee of Rs.1000/- per day irrespective of cases handled by him/her and maximum Rs. 25000/- per month as per the Legal Department Resolution No.:LD/MSM/e-file/12 /2024/4255/D, dated 07/04/2025.
4. Duties and responsibilities of Counsellor, Family Court:
(i) The candidate appointed as the Counsellor shall have to work in association with the Family Court for the purpose of promoting conciliation in and securing speedy settlement of disputes relating to marrige and Family affairs and matters connected therewith.
(ii) The Counsellor so appointed shall not act or plead for a party to a case proceeding but shall generally assist the Court in reaching peaceful and amicable settlement of the dispute.
(iii) The Counsellor, entrusted with any petition, shall-
attend the Court as and when required by the Judge of the Family Court;
aid and advise the parties regarding settlement of the subject-matter of dispute or any other part thereof;
help the parties in reconcillation;
submit report or interim report, mas the case may be required by the Court to which he/she is attached;
perform such other function as may be assigned to him/her by the Family Court to which he/she is attached, from time to time..
5. Termination of Counsellor :
The appointment of Counsellor may be terminated on recommendation of the High Court, without assigning any reason, at any time before the expiry of his/her term the recommendation of the concerned Principal Judge, Family Court.

:: Note ::
(1) The form of application is available on the website of District Court, Surat.
(2) Applicant should submit the application to Family Court, Surat on or before 05.08.2026 (upto 06:10 pm) at the below address;

: Address:
The Principal Judge
Family Court, Surat
Opp. Tirupati Plaza, NANPURA, SURAT - 395001,
Office Phone No.- 0261-2461538

No. Info/SURAT/436/2026

નેપાળમાં વકરેલી કોમી હિંસા: ૩નાં મોત, અનેક શહેરોમાં કર્ફ્યુ

ભારતની સરહદ નજીકના સુન્સરી જિલ્લામાંથી શરૂ થયેલી કોમી હિંસા દેશના અન્ય ભાગોમાં પણ ફેલાઇ

ડઝનબંધ લોકોને ઇજા થઇ, સંવેદનશીલ વિસ્તારોમાં લશ્કર તૈનાત કરવામાં આવ્યું

કાઠમંડુ, તા. ૩૦: નેપાળના સુન્સરી જિલ્લામાં ભડકેલી કોમી હિંસા દેશના અન્ય કેટલાક ભાગોમાં પણ ફેલાઈ ગઈ છે. શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે સત્તાવાળાઓએ અનેક શહેરોમાં કરફ્યુ લાદી દીધો છે અને સેનાને તૈનાત કરી છે. ચાર દિવસથી ચાલી રહેલી આ હિંસામાં ઓછામાં ઓછા ત્રણ લોકોનાં મોત થયા છે અને ડઝનબંધ લોકો ઘાયલ થયા છે.

નેપાળના સુન્સરી જિલ્લામાં કાવડ યાત્રા દરમિયાન મોટા અવાજે ડીજે વગાડવા બાબતે રવિવારે શરૂ થયેલો વિવાદ હિંસક બન્યો છે. ભારતીય સરહદને અડીને આવેલા સુન્સરી અને સિરાહા જિલ્લાના ઘણા વિસ્તારોમાં કરફ્યુ લાદી દેવામાં આવ્યો છે.

રવિવારે કાવડિયાઓ કોસી બેરેજથી જળ લઈને આવી રહ્યા હતા. આ દરમિયાન ડીજે અને લાઉડસ્પીકરના મોટા અવાજ સામે બીજા સમુદાયે વિરોધ નોંધાવ્યો હતો. સામાન્ય બોલાચાલીથી શરૂ થયેલી બાબત હિંસક અથડામણમાં પરિણમી હતી.

આ હિંસા ચાલુ અઠવાડિયાની શરૂઆતમાં સુન્સરીના દેવનગંજ વિસ્તારમાં બે સમુદાયો વચ્ચેની અથડામણ બાદ શરૂ થઈ હતી, જે હવે મધેશ પ્રાંતના ધનુષા અને સિરાહા જિલ્લા સહિતના વિસ્તારોમાં પણ ફેલાઈ ગઈ છે. આ અશાંતિમાં ઓછામાં ઓછા ત્રણ લોકોએ જીવ ગુમાવ્યો છે, જ્યારે નાગરિકો, પ્રદર્શનકારીઓ અને સુરક્ષાકર્મીઓ સહિત ડઝનબંધ લોકો ઘાયલ થયા છે, જેમાંથી ઘણા પોલીસ ફાયરિંગ અને અંદરોઅંદરની અથડામણમાં ઘાયલ થયા છે. આ હિંસાને કારણે વ્યાપક પ્રમાણમાં આગચંપી, તોડફોડ, પથ્થરમારો અને પ્રદર્શનકારીઓ તથા સુરક્ષા દળો વચ્ચે હિંસક આમને-સામને આકરા ઘર્ષણ થયા છે. અનેક વાહનો, દુકાનો અને અન્ય ખાનગી મિલકતોને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે.

Muthoot Homefin
Muthoot Homefin (India) Ltd.

CIN-U65922KL2011PLC029231
કોર્પોરેટ ઓફિસઃ મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ, ૧૯/ઈ, ધ ૩બી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઇપ રોડ, રૂપારેલ કોલેજ નજીક, દાદર વેસ્ટ, મુંબઈ - ૪૦૦૦૨૮
શાખા ઓફિસઃ મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ, ૫૦૩, સેફાયર બિઝનેસ હબ, એલ.પી. સવાણી રોડ, મધુવન સર્કલ નજીક, અડાજણ, સુરત, ગુજરાત - ૩૬૫૦૦૬

પરિશિષ્ટ-IV-A [નિયમ ૮(૬)નું પ્રાવધાન જુઓ]
હરાજી-સહ-વેચાણ માટેની જાહેર નોટિસ

સિક્યોરિટીઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા નીચે દર્શાવેલ સુરક્ષિત મિલકતોનો કબ્જો લીધા પછી દેવાદારો પાસેથી વસૂલવાની બાકી રકમ માટે, 'જે સ્થિતિમાં છે જ્યાં છે', 'જેવું છે તેવું' અને 'જે કંઈ પણ છે તે આધાર પર' નીચે મુજબની સ્થાવર મિલકતો ખરીદવા માટે સીલબંધ કવરમાં ઓફરો આમંત્રિત કરવામાં આવે છેઃ

ક્રમ	દેવાદાર(રો)/સહ-દેવાદાર(રો)/જામીનદાર(રો)/લોન ખાતા નં./શાખા	માગણી નોટિસ તારીખ અને રકમ	સ્થાવર મિલકતનું વર્ણન	રિઝર્વ પ્રાઇસ	અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) (RP ના ૧૦%)
1.	જીતુભાઈ ભીખાભાઈ નિખારે / મુક્તીબેન ભીખાભાઈ નિખારે / 004-00001047 / સુરત	૨૮-ફેબ્રુઆરી-૨૦૨૬ / રૂ.૭,૬૪,૯૧૦/- (રૂપિયા સાત લાખ ચોસઠ હજાર નવસો દસ પૂરા)	મોજે સચદલા, તા. ઓલપાડ, જી. સુરતના રેવેન્યુ સર્વે નં. ૨૭૧/૩પૈકી, ૩૦૮ પૈકી, ૨૭૩, ૩૦૫, ૩૦૭, બ્લોક નં. ૧૬૧/એ/૧ (કુલ ક્ષેત્રફળ ૮૩૯૪ ચો.મી.) પૈકી "લક્ષ્મી રેસીડેન્સી" માં પ્લોટ નં. ૬૮ (ક્ષેત્રફળ ૪૮ ચો. વાર એટલે કે ૪૦.૦૪ ચો.મી.) અને રસ્તા તથા સી.ઓ.પી. ની જમીનમાં ૩૧.૨૩ ચો.મી. અવિભાજિત હિસ્સા સાથેની તમામ સ્થાવર મિલકત. (ઉત્તરેઃ પ્લોટ નં. ૬૭; દક્ષિણેઃ પ્લોટ નં. ૬૯; પૂર્વેઃ પ્લોટ નં. ૭૩; પશ્ચિમેઃ સોસાયટીનો આંતરિક રસ્તો)	રૂ. ૬,૬૪,૮૧૦/- (રૂપિયા છ લાખ ચોસઠ હજાર આઠસો દસ પૂરા)	રૂ. ૬૬,૪૮૧/- (રૂપિયા છાસઠ હજાર ચારસો એકયાસી પૂરા)
2.	કુસુમાદેવી દેવીચરણ સિંહ / વિકાસ દેવીચરણ સિંહ / 004-00000507 / સુરત	૨૮-ફેબ્રુઆરી-૨૦૨૬ / રૂ.૧૦,૧૭,૨૧૯/- (રૂપિયા દસ લાખ સત્તર હજાર બસો ઓગણીસ પૂરા)	રાજ્યઃ ગુજરાત, જીલ્લોઃ સુરત, સબ-ડીસ્ટ્રીક્ટ અને તાલુકોઃ ઓલપાડ, મોજે ગામઃ મુળદ, રેવેન્યુ સર્વે નં. ૨૦૭/૧, ૨૧૨, ૨૧૩, બ્લોક નં. ૨૮૬/એ (કુલ ક્ષેત્રફળ ૧-૦૬-૫૪ હેક્ટર-આરે એટલે કે ૧૦૬૫૪.૦૦ ચો.મી.) વાળી એન.એ. જમીનમાં આવેલ "રઘુનાથ રેસીડેન્સી"માં પ્લોટ નં. ૪૮ (કે.એલ.પી. નવા બ્લોક નં. ૨૮૬/એ/૪૮ મુજબ, ક્ષેત્રફળ ૬૨.૧૬ ચો. વાર એટલે કે ૬૧.૯૭ ચો.મી.) અને રસ્તા તથા સી.ઓ.પી. માં ૪૦.૮૭ ચો. વાર અવિભાજિત હિસ્સા વાળી મિલકત. (પૂર્વેઃ અડીને આવેલ પ્લોટ નં. ૪૯; પશ્ચિમેઃ અડીને આવેલ પ્લોટ નં. ૪૭; ઉત્તરેઃ અડીને આવેલ પ્લોટ નં. ૩૭; દક્ષિણેઃ સોસાયટીનો આંતરિક રસ્તો)	રૂ. ૬,૯૦,૨૧૫/- (રૂપિયા છ લાખ નેવું હજાર બસો પંદર પૂરા)	રૂ. ૬૯,૦૨૨/- (ઓગણસિત્તર હજાર બાવીસ/ પૂરા)
3.	મિથુનકુમાર સંતોષકુમાર જેના / માધુરી મિથુનકુમાર જેના / 004-00405187 / સુરત	૨૮-ફેબ્રુઆરી-૨૦૨૬ / રૂ.૪,૨૬,૬૮૦/- (રૂપિયા ચાર લાખ છબ્બીસ હજાર છસો એંસી પૂરા)	ફ્લેટ નં. ૨૦૯, ગોલ્ડન નેસ્ટ- એ વિંગ, બ્લોક નં. ૮૩/૬૦-૬૪, રાંદલ મા ટેમ્પલ નજીક, શિવણ સાયણ રોડ, સાયણ, ઓલપાડ, સુરત. (ઉત્તરેઃ ૧૮ મીટર રોડ; દક્ષિણેઃ હાલનું બાંધકામ; પૂર્વેઃ ૪ મીટર રોડ; પશ્ચિમેઃ હાલનું બાંધકામ)	રૂ. ૪,૩૩,૧૨૫/- (રૂપિયા ચાર લાખ તેત્રીસ હજાર એકસો પચ્ચીસ પૂરા)	રૂ. ૪૩,૩૧૩/- (રૂપિયા તેતાલીસ હજાર ત્રણસો તેર પૂરા)
4.	નવીનભાઈ મોરારભાઈ પરમાર / વિજયાબેન નવીનભાઈ પરમાર / 004-00402573 / સુરત	૦૫-જાન્યુઆરી-૨૦૨૪ / રૂ.૮,૭૯,૪૮૨/- (રૂપિયા આઠ લાખ ઓગણએંસી હજાર ચારસો બ્યાસી પૂરા)	ફ્લેટ નં. ૧૦૩, પહેલો માળ, રઘુનંદન રેસીડેન્સી, સાયણ ઉત્રાણ રોડ, સુરત, ગુજરાત ૩૯૪૧૦૭. જેનો સબ-રજિસ્ટ્રાર કતારગામ ની કચેરીમાં નોંધાયેલ દસ્તાવેજ નં. ૨૭૭૨૨/૨૦૧૭, તારીખ ૧૨/૧૨/૨૦૧૭ છે. (ઉત્તરેઃ અડીને આવેલ રો-હાઉસ; દક્ષિણેઃ અડીને આવેલ રો-હાઉસ; પૂર્વેઃ રોડ; પશ્ચિમેઃ બી વિંગ)	રૂ. ૮,૩૪,૭૨૦/- (રૂપિયા આઠ લાખ ચોત્રીસ હજાર સાતસો વીસ પૂરા)	રૂ. ૮૩,૪૭૨/- (રૂપિયા ત્યાસી હજાર ચારસો બોતેર પૂરા)
5.	પાર્વતી સંજય જાધવ / રવિકુમાર સંજય જાધવ / 004-00405546 / સુરત	૨૮-ફેબ્રુઆરી-૨૦૨૬ / રૂ.૪,૯૦,૫૬૭/- (રૂપિયા ચાર લાખ નેવું હજાર પાંચસો સડસઠ પૂરા)	મોજે જોળવા, તા. પલસાણા, જી